

# માન ન માન... મૈં તેરા સલમાન!

**૬૦ વર્ષના કુંવારા સલમાન ખાને તાજેતરમાં કરણ જોહરના ‘કોફી વીથ કરણ’ શોમાં શબ્દો ચોર્યા વગર સ્પષ્ટ એકરાર કર્યો છે કે ‘ભવિષ્યમાં ક્યારેક પિતા બનવાની પોતાની ઈચ્છા છે’ આવી ચોંકાવનારી ‘ઈચ્છા’ પ્રગટ કરીને સતત વાદ-વિવાદ-વિખવાદમાં રહેતો હોવા છતાં ફિલ્મ જગતના બીજા અનેક સુપર સ્ટાર્સથી કઈ રીતે અલગ તરી આવે છે આ દિલેર સેવન સ્ટાર સલમાન?**

આ જે બે એવી ચર્ચાસ્પદ વ્યક્તિ છે, જે હજુ સુધી બેચલર છે -અપરિણીત છે (એ કુંવારા છે કે નહીં એ આપણે જાણતા નથી!). એમાંથી એક છે રાહુલ ગાંધી ને બીજો છે સલમાન ખાન. એક રાજકારણમાં છે અને પોતાનું આગવું નામ બનાવવા માટે સતત સંઘર્ષમાં રહે છે.

બીજો છે સલમાન, જેને ફિલ્મજગતમાં સિદ્ધિ-પ્રસિદ્ધિ (ને વિવાદ!) હર કદમ પર મળે છે. એ બન્ને પોતપોતાની રીતે જગતભરમાં જાણીતા છે. ના, અહીં આજે આપણે રાહુલ અને સલમાન વચ્ચે તુલના નથી કરવાના. આજે આપણે માત્ર વાત કરવી છે ફિલ્મ સુપરસ્ટાર સલમાનની અને એની સેવન સ્ટાર સંપત્તિની!

આમ તો આટલાં વર્ષો એક યા બીજી રીતે સતત સમાચારમાં ગાજતો રહેતો સલમાન આમ જોવા જાવ તો બે-એક વર્ષથી ‘શાંત’ છે. કોઈ ખાસ વાદ-વિવાદમાં પણ એ સપડાયો નથી. હા, એને આતંકવાદીઓ તરફથી અવારનવાર મોતની ધમકી મળતી રહે છે પરંતુ એની આસપાસના સક્ષમ સુરક્ષા-ચક્રને લીધે એને આંચ આવી નથી. હા, એક વાર એના બાન્દ્રાના ‘ગેલેક્ષી’ અપાર્ટમેન્ટના ઘરની બહાર પાંચ

**ક્લોઝ-અપ જિંદગી**
**★ ભરત ઘેલાણી**

રાઉન્ડ ફાયરિંગ થતાં સનસનાટી જરૂર મચી ગઈ હતી.

‘શૂટ-આઉટ’ ની ઘટના હવે જૂની થઈ પણ ‘મારે પિતા બનવું છે ’ એવા એના જાહેર સ્વીકારને નિમિત્ત બનાવીને આપણે આજે અહીં એક્ટર-નિર્માતા-ટીવી - હોસ્ટ એવા સલમાનને જરા અલગ રીતે જાણી લઈએ.

આજે અમિતજી -શાહરૂખ- આમિર- હ્રિતિક- કાર્તિક અને અલબત્ત, સલમાન સુપરસ્ટાર્સ છે. આ પ્રત્યેક પોતપોતાની રીતે સુપર સફળ છે ને એ બધા પોતાનો આગવો ચાહકવર્ગ પણ ધરાવે છે. આમ છતાં આજે સલમાન બધા કરતાં ઘણી રીતે અલગ પડે છે. દાખલા તરીકે, છેક ૧૯૮૮થી ફિલ્મજગતમાં પ્રવેશેલા સલમાનની અનેક સ્ટાર્સ - ગર્લ ફ્રેન્ડ્સ સાથે ગરમાગરમ અફેર્સ રહી હોવા છતાં ૬૦ વર્ષે સલમાન એકલો છે- પરણ્યો નથી!

* સલમાન આજે એક પછી એક કુલ ૮૦થી વધુ ફિલ્મોમાં ‘હીરો’ તરીકે અભિનય દ્વારા અને એમાંથી થયેલી આવકનું યોગ્ય રોકાણ કરીને ‘હારુન ઈન્ડિયા લિસ્ટ- ૨૦૨૬’ ના છેલ્લામાં છેલ્લા અહેવાલ મુજબ સમગ્ર ખાન પરિવારના નામે આજે આશરે રૂપિયા ૫૩૦૦ કરોડની સંપત્તિ છે, જેમાં સલમાન આજે એકલો રૂપિયા ૩૦૦૦ કરોડનો માલિક છે.

* માત્ર મહિને ૭૫ રૂપિયાના માસિક પગારથી કરિયર શરૂ કરનારા સલમાનની આજની તારીખે વર્ષે રૂપિયા ૨૨૦ થી ૩૦૦ કરોડની કમાણી છે. એ હિસાબે આજે સલમાન દર મહિને સરેરાશ ૨૫ કરોડ રૂપિયા કમાય છે.







સલમાન એના પનવેલ ફાર્મ હાઉસમાં...

બીજા શબ્દોમાં : મહિનામાં કામના ૨૬ દિવસ ગણીએ તો સલમાનના બેન્ક અકાઉન્ટમાં રોજના અંદાજે કેટલા લાખ રૂપિયા જમા થઈ જાય છે એ તમે જ ગણી કાઢો. પછી એ દિવસે શૂટિંગ કરતો હોય કે પછી એના ‘ગેલેક્ષી’ અપાર્ટમેન્ટના ફ્લેટમાં નસકોરાં બોલાવતો હોય!

* માર્કેટ રિપોર્ટ અનુસાર સલમાન એક ફિલ્મમાં અભિનય માટે ૧૦૦ કરોડથી વધુ ફી ચાર્જ કરે છે.

* જેમ અમિતાભ બચ્ચનજીની ડૂબી ગયેલી કરિયરને ‘કોન બનેગા કરોડપતિ’ ટીવી શોએ જીવનદાન આપ્યું એથી પણ વિશેષ ધનદોલત અને ખ્યાતિ સલમાનને એના સુપરહિટ ટીવી શો ‘બિગ બોસ’ દ્વારા મળ્યાં છે. અમિતજી ચારેક બંગલા ધરાવે છે. એમાં એકલા એના ‘પ્રતીક્ષા’ બંગલાનું મૂલ્ય રૂપિયા ૧૨૦ કરોડ ગણાય છે. શાહરૂખ પાસે પોતાનો રૂપિયા ૨૦૦ કરોડથી વધુનો વૈભવી બંગલો ‘મન્નત’ છે. આમિર ખાનનું પણ પોતાનું આલીશાન નિવાસસ્થાન બાન્દ્રામાં છે, જેની માર્કેટ વેલ્યુ આજે ૮૫-૯૦ કરોડ છે પણ સલમાન પરિવાર હજુ પણ બાંદ્રાના ‘ગેલેક્ષી’ અપાર્ટમેન્ટમાં બે વત્તા ૧ એમ ત્રણ ફ્લેટમાં રહે છે. આની કિંમત આજની તારીખે ૧૦૦ કરોડની આંકવામાં આવે છે.

* ‘ગેલેક્ષી’ અપાર્ટમેન્ટ ઉપરાંત સલમાનની જે મુંબઈની આસપાસ પ્રોપર્ટી છે એમાં પનવેલનું એનું ફેમસ ‘અર્પિતા ફાર્મહાઉસ’ છે. (અર્પિતા એની દત્તક લીધેલી બહેન છે) અહીં રજા ગાળવા એ એકલો કે પરિવાર સાથે કે પછી મિત્રો સાથે પાર્ટી કરવા અવારનવાર આવે છે. આ ૧૫૦ એકરના ફાર્મ હાઉસમાં એક આધુનિક જિમ -સ્વિમિંગ પુલ છે. અહીં એક મિની ઝૂની સાથે સલમાને પાળેલાં પાંચ અશ્વ પણ છે. આ ફાર્મની અંદાજિત કિંમત રૂપિયા ૮૦ કરોડથી પણ વધારે છે.

* આ ઉપરાંત ગોરાઈ સમુદ્ર કિનારે સલમાને ૧૦ વર્ષ પહેલાં પોતાના ૫૧મા બર્થ-ડે પર એક બીચ હાઉસ ખરીદ્યું હતું. એ વખતે આલીશાન પાંચ બેડરૂમવાળા બીચ હાઉસના સલમાને પૂરા ૧૦૦ કરોડ ચૂકવ્યા હતા.

* આમ તો ઘણી વાર સલમાન જસ્ટ મોજ ખાતર જાહેરમાં સાઈકલ ઉપર નીકળી પડે છે. જો કે એને લક્ઝરી કારનો પણ ગાંડો શોખ છે.

સલમાન પાસે ૪૫ લાખ રૂપિયાની મર્સિડીઝ બેન્ઝથી લઈને ૧૩ કરોડ સુધીની ૭ વૈભવી કાર-વાનનો કાફલો પણ છે.

* આ રીતે જ સલમાન પાસે પોતાની એક અંગત યોટ- નૌકા છે. એની કિંમત છે ૩ કરોડ!

* સલમાન સામાજિક કાર્યો અને ગુપ્ત દાન વગેરેમાં બહુ માને છે. એ માટે પોતાની એક બ્રાન્ડ બનાવી છે ‘બિઈંગ હ્યુમન’. આ બ્રાન્ડ હેઠળ એ ફેશનેબલ ડ્રેસ - વસ્ત્રો- વોચ ઈત્યાદિ એસેસરીઝનું વેચાણ કરે છે, જેની આવક એ સામાજિક કાર્યોમાં વાપરે છે. આ બ્રાન્ડની કિંમત જ આજે 235-300 કરોડ રૂપિયા ગણાય છે. આ છે ૭ સ્ટાર સુપર સ્ટારની જાણવા જેવી ૯ વાત!